### પેટલાદમાં બાકીદારો માટે ૧૦૦ ટકા વ્યાજ માફીની લાલ જાજમ છતાં ૧૦ દિવસમાં માત્ર રૂ. ૮.૪૯ લાખની વસૂલાત

# પેટલાદ પાલિકાની રૂ. ૩.૯૧ કરોડની વસૂલાત સામે માત્ર ૨% રકમ જમા થઈ

**કર્મચારીઓના પગારના ફાંફાં છતાં રીઢા બાકીદારો બેફિકર!**

(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૪

પેટલાદ નગર પાલિકા દ્વારા વેરાના રીઢા બાકીદારો માટે માફી યોજના અમલી કરવામાં આવી છે. જેની વસૂલાત હાલ કાર્યરત છે. પરંતુ જે રીઢા બાકીદારો માટે પાલિકાએ લાલ જાજમ પાથરીને દંડનીય વ્યાજની સો ટકા માફી આપવાનું જાહેર કર્યું છે, તેવા બાકીદારોના પેટનું પાણી પણ હાલતું નથી. છેલ્લા દશેક દિવસથી શરૂ કરેલ માફી યોજનાની બાકી રકમ રૂ.૩.૯૧ કરોડ સામે માત્ર બે ટકા જેટલી વસૂલાત પાલિકાને મળી છે.

પેટલાદ પાલિકામાં લગભગ બે હજાર જેટલા બાકીદારો એવા છે કે જેઓ વર્ષોથી પાલિકાના વેરા ભરતા જ નથી. જેથી આવા બાકીદારો પાસેથી પાલિકાને અંદાજીત રૂ.3.91 કરોડ જેટલી માતબર રકમ લેવાની નીકળે છે. વર્ષો સુધી વેરા નહીં ભરનાર મિલકત ધારકોની બાકી રકમ ઉપર દર વર્ષે 18 ટકા દંડનીય વ્યાજ ચઢતું જ જાય છે. જેમાં આવા કેટલાક રીઢા બાકીદારો વેરા ભરતા નથી. પાલિકાએ પ્રમાણિકપણે દર વર્ષે વેરા ભરનાર કરદાતાઓ માટે કોઈ જ વધારાનું વળતર આપવાના બદલે રીઢા બાકીદારો માટે દંડનીય વ્યાજની માફી યોજના લાવી લાલ જાજમ પાથરી હતી. એટલેકે આવા બાકીદારોના વેરા ઉપર ગમે તેટલી દંડનીય વ્યાજની રકમ ચઢી ગઈ હોય છતાં તેઓને સો ટકા માફી આપવાની યોજના પાલિકા તંત્રએ જાહેર કર્યું છે.

આ યોજના અંતર્ગત જુના બાકીદારો પાસેથી આશરે રૂ.3.91 કરોડ જેટલી વસૂલાત બાકી છે. જેમાંથી છેલ્લા દશેક દિવસ દરમ્યાન આ માફી યોજના હેઠળ માત્ર રૂ.8.49 લાખ જેટલી જ વસૂલાત પાલિકાને મળી છે. જેના થકી બાકીદારોને રૂ.2.44 લાખની માફીનો લાભ બાકીદારોને મળ્યો છે. પરંતુ આ વસૂલાતના આંકડા જોઈ પાલિકા તંત્ર પણ ચિંતામાં મૂકાઈ ગયું છે. કારણકે જુના બાકીદારોને મળનાર માફી લગભગ 20 થી 40 ટકા જેટલી રકમ બાદ મળવાનું અનુમાન છે. આમ છતાં આવા રીઢા બાકીદારો વેરા ભરવા તૈયાર નહીં હોવાનું આંકડાકીય માહિતી ઉપરથી સ્પષ્ટ થાય છે. જોવાનું એ રહેશે કે આ યોજના 30 સપ્ટેમ્બરે પૂર્ણ થયા બાદ સાચુ ચિત્ર સ્પષ્ટ થશે.

**ટીમો કાર્યરત, છતાં પરિણામ નિરાશાજનક**

પેટલાદ પાલિકાના સ્વભંડોળની તિજોરી તળીયા ઝાટક છે. કર્મચારીઓના પગાર કરવાના પણ ફાંફાં પડી રહ્યા છે. તેવા સમયે અમલી બનેલ માફી યોજનાની વસૂલાત નિરાશાજનક હોવાથી પાલિકા તંત્ર હરકતમાં આવી ગયું છે. જો કે જુના અને રીઢા બાકીદારોની કડક વસૂલાત માટે પાલિકાએ જુદી જુદી પાંચથી વધુ ટીમો સક્રીય કરી છે. પાલિકાના વેરા વિભાગ સહિતના કર્મચારીઓ આવા બાકીદારોના ઘર સુધી પહોંચે છે, છતાં બાકીદારો વેરા ભરવામાં નિષ્કાળજી બતાવી રહ્યા છે.

### વડતાલધામમાં ગણેશોત્સવ નિમિત્તે આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજે વિશેષ આરતી કરી





વડતાલ મંદિરના પ્રવેશ દ્વારે સોમવારે સવારે પરમ પૂજ્ય આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજે પ્રતિષ્ઠિત ગણપતિ દાદાનું પૂજન કરી આરતી ઉતારી હતી. વડતાલ ધામમાં ૧૪મી સપ્ટેમ્બરથી ૨૨મી સપ્ટેમ્બર સુધી નિજ મંદિરમાં ગણપતિ દાદાના પૂજન સાથે આરતી થશે, જેના યજમાન યુએસએના ઉષાબેન રાજેન્દ્રભાઈ પટેલ છે. વડતાલ મંદિરના ચેરમેન ડો. સંત વલ્લભદાસજી સ્વામીના જણાવ્યા અનુસાર, સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીજી મહારાજના સમયથી જ ગણપતિ સ્થાપનની પરંપરા ચાલતી આવી છે. શિક્ષાપત્રીનો આદેશઃ શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય એ પાંચ દેવની પૂજા-અર્ચના કરવાની આજ્ઞા આપેલી છે.

# સંતરામપુર નજીક કારની અડફેટે યુવકનું કરૂણ મોત

**સંતરામપુર પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધ્યો**

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૧૪

સંતરામપુર પાસે કારની ટક્કરે ચાલતા જતાં યુવક - યુવતી ઘવાયાં હતાં. જેમાં યુવકનું મોત નિપજ્યું હતું.

સંતરામપુરની સરદાર નગર સોસાયટીમાં રહેતા અને મજૂરી કામ કરતા રાજેશકુમાર નીનામાનો ૨૩ વર્ષીય પુત્ર જૈમીન અને તેની સગાઈ જેની સાથે થઈ હતી. તે પીનલબેન ભરતભાઈ સાંજના સુમારે મહુડી ફળીયા તરફ ચાલીને જઈ રહ્યા હતા. તે દરમિયાન મુલાનીવાંસમા ગામ નજીક પહોંચતા પાછળથી પૂરઝડપે આવી રહેલી ઈકો ગાડીના ચાલકે બંનેને અડફેટે લીધા હતા.

આ અકસ્માતમાં જૈમીન અને પીનલબેન બંનેને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઘટનાની જાણ થતાં જ પરિવારજનો અને સ્થાનિકો સ્થળ પર દોડી આવ્યા હતા અને બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સંતરામપુરની નંદ કિશોર ઓર્થોપેડિક હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર દરમિયાન પેટ અને પગના ભાગે ગંભીર ઈજાઓ પામેલા જેમીનનું મોત નીપજ્યું હતું. જ્યારે ઈજાગ્રસ્ત પીનલબેનની સારવાર ચાલી રહી છે.

આ બનાવ અંગે મૃતકના પિતા રાજેશકુમાર નીનામાની ફરિયાદના આધારે સંતરામપુર પોલીસે ઈકો ગાડીના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

**એન્જિનિયર્સ ડે સ્પેશ્યલ | જીસેટ કોલેજના આચાર્ય ડો. કૌશિક નાથે પેટન્ટ મેળવ્યાં**

# ‘ગાંડા બાવળ’ ને ઔદ્યોગિક કચરામાંથી વેલ્યુ-એડેડ પ્રોડક્ટ બનાવી શકાય

**વિદ્યાનગરના ‘ટેક-ગુરુ’ દ્વારા પર્યાવરણ રક્ષણ અને નવીન સંશોધનનો અનોખો સમન્વય**





(પ્રતિનિધિ) આણંદ તા.૧૪

એન્જિનિયરિંગ એ માત્ર સિદ્ધાંતો કે મશીનરી પૂરતું સીમિત નથી, પરંતુ પર્યાવરણીય અને ઔદ્યોગિક સળગતા પ્રશ્નોનો વ્યવહારિક ઉકેલ લાવવાનું માધ્યમ છે. વલ્લભ વિદ્યાનગર સ્થિત જી. એચ. પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી (જીસેટ) કોલેજના પ્રિન્સિપાલ અને કેમિકલ એન્જિનિયરિંગના પ્રોફેસર ડો. કૌશિક નાથે પોતાની દીર્ઘ દ્રષ્ટિ અને સંશોધન દ્વારા આ વાત સાર્થક કરી બતાવી છે.

વિદ્યાનગરની જીસેટ કોલેજના પ્રિન્સિપાલ ડો. કૌશિક નાથ અને તેમની ટીમે સ્થાનિક સ્તરે પ્રચુર માત્રામાં મળી આવતા ‘ગાંડા બાવળ’ અને સલ્ફાઈટ પલ્પિંગના વપરાયેલા લિક્વિડ (વેસ્ટ લિકર)માંથી ‘સોડિયમ લિગ્નોસલ્ફોનેટ’ (SLS) મેળવવાની પર્યાવરણપ્રેમી હાઈબ્રિડ પદ્ધતિ વિકસાવી છે. આ પ્રોડક્ટનો ઉપયોગ વિટ્રિફાઈડ સિરામિક ટાઈલ્સમાં બાઈન્ડર અથવા ફિલર તરીકે થાય છે. આ ઈનોવેટિવ સંશોધનને ભારતીય પેટન્ટ એનાયત કરવામાં આવી છે. મોરબીની એક ઈન્ડસ્ટ્રીએ આ ટેકનોલોજીને મોટા પાયે પ્રોડક્શન પ્લાન્ટમાં સ્થાપિત કરવા રસ દર્શાવ્યો છે. આ ટેકનોલોજીથી પ્રોસેસ દરમિયાન ઉર્જા વપરાશમાં નોંધપાત્ર ઘટાડો થાય છે અને કૃષિ-ઔદ્યોગિક કચરાનું યોગ્ય વ્યવસ્થાપન શક્ય બને છે. આ ઉપરાંત, તેમણે ‘મોડિફાઈડ રોટેટિંગ બાયોલોજીકલ કોન્ટેક્ટર’ માટે પણ બીજી એક ભારતીય પેટન્ટ મેળવેલી છે. જેનાથી કૃષિ - ઔદ્યોગિક કચરાનું યોગ્ય વ્યવસ્થાપન શક્ય બની શકે છે.

**3750થી વધુ સાયટેશન અને પ્રતિષ્ઠિત એવોર્ડ્સ**



આઈઆઈટી ખડગપુરથી પીએચડી પ્રાપ્ત કરનાર ડો. નાથ 29 વર્ષનો શિક્ષણ અને 19 વર્ષનો સંશોધન અનુભવ ધરાવે છે. તેમના 120થી વધુ સંશોધન પત્રો આંતરરાષ્ટ્રીય જર્નલોમાં પ્રકાશિત થયા છે અને 3754થી વધુ સાયટેશન નોંધાયા છે. તેમને જીટીયુ તરફથી વર્ષ 2020માં ‘ટેક-ગુરુ એવોર્ડ’ (ટીચર ઓફ ધ યર) અને વર્ષ 2021માં ‘IIChE-લ્યુપિન બેસ્ટ કેમિકલ એન્જિનિયરિંગ ટીચર એવોર્ડ’ પ્રાપ્ત થયેલ છે. તેઓ હાલ સીવીએમ યુનિવર્સિટીમાં ફેકલ્ટી ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજીના ડીન તરીકે સેવા આપી રહ્યા છે. આ સિવાય તેઓ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ હેઠળ શેડ્યૂલ-1 ઇન્ડસ્ટ્રીના એક્સટર્નલ એન્વાયર્નમેન્ટલ ઓડિટર તરીકે પણ સક્રિય ભૂમિકા ભજવે છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### બાકરોલની સ્પેક એમબીએના વિદ્યાર્થીઓ માટે વિવિધ ઔદ્યોગિક એકમોની મુલાકાતનું આયોજન

**આણંદ |** બાકરોલ સ્થિત સ્પેક એમ.બી.એ. કોલેજમાં ઓરિએન્ટેશન કાર્યક્રમ “આરંભ અને પ્રારંભ” ના ચોથા દિવસે વિદ્યાર્થીઓ માટે વિવિધ ઔદ્યોગિક મુલાકાત યોજાઈ હતી. આ અંતર્ગત સેમેસ્ટર-૧ ના વિદ્યાર્થીઓએ અમૂલ ચીઝ પ્લાન્ટ (ખાત્રજ) અને ઓડૂ ઈન્ડિયા (ગાંધીનગર) ની મુલાકાત લઈ કંપનીની કામગીરી વિશે માહિતી મેળવી હતી. જ્યારે સેમેસ્ટર-૩ ના વિદ્યાર્થીઓએ હાલોલ ખાતે આવેલ કોન્કોર્ડ પ્રિન્ટિંગ અને JSW MG Motor પ્લાન્ટની મુલાકાત લઈ ઉત્પાદન પ્રક્રિયાઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાતનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને વર્ગખંડના સૈદ્ધાંતિક જ્ઞાનને વાસ્તવિક ઔદ્યોગિક કાર્યપદ્ધતિ અને અનુભવ સાથે જોડવાનો હતો.



### લુણાવાડાના યુવા મૂર્તિકાર ક્રિશ પગીની ઇકો-ફ્રેન્ડલી માટીકળાને મહારાજા સિદ્ધરાજસિંહજીએ બિરદાવી

**લુણાવાડા |** લુણાવાડાના ટેકરી ફળિયામાં રહેતા યુવા મૂર્તિકાર ક્રિશ પગીએ ગણેશોત્સવ માટે કંકા તળાવની પવિત્ર માટીમાંથી ૩૫થી વધુ ઇકો-ફ્રેન્ડલી મૂર્તિઓ બનાવી છે. કેમિકલમુક્ત અને પાણીમાં સહેલાઈથી ઓગળી જતી આ માટીની મૂર્તિઓ પર્યાવરણ અને જળચર જીવોના રક્ષણ માટે આશીર્વાદરૂપ છે. આ પર્યાવરણલક્ષી પહેલ બદલ લુણાવાડાના મહારાજા સિદ્ધરાજસિંહજીએ ક્રિશ પગીને રૂબરૂ મળી તેની કલાને બિરદાવી ભવિષ્યમાં તમામ સહયોગની ખાતરી આપી હતી. પાવન ગણેશોત્સવના પ્રારંભે જાગૃત પર્યાવરણ પ્રેમી નાગરિકોએ આ માટીની પ્રતિમાઓને પ્રાધાન્ય આપી ઉત્સાહભેર ખરીદી કરી છે.



ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### પી. એમ. પટેલ કોલેજ કેમ્પસ ખાતે વોઈજર ગ્રુપ દ્વારા ૧૯મા શ્રી ગણેશ મહોત્સવનો પ્રારંભ

**આણંદ |** આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી સંચાલિત પી. એમ. પટેલ કોલેજ કેમ્પસ ખાતે ડો. પાર્થ બી. પટેલના નેતૃત્વમાં વોઈજર ગ્રુપ દ્વારા સતત ૧૯મા સાર્વજનિક શ્રી ગણેશ મહોત્સવ-૨૦૨૬નો આરંભ થયો છે. ગણેશ ચતુર્થીના દિવસે સંસ્થાના સ્થાપક પ્રમુખ બિપીનચંદ્ર પી. પટેલ (વકીલ)ના આશીર્વાદ સાથે સુંદર ડેકોરેશન વચ્ચે શ્રી ગણેશજીની પ્રતિમાની સ્થાપના, પૂજન અને થાળ-આરતીનું ભવ્ય આયોજન કરાયું હતું. પ્રથમ દિવસે સંસ્થાના વાઇસ પ્રેસિડેન્ટ અને સીઇઓ ડો. પાર્થ બી. પટેલ તથા સેક્રેટરી અને રજીસ્ટ્રાર ડો. ઈશિતાબેન પી. પટેલની વિશેષ ઉપસ્થિતિમાં પૂજાવિધિ સંપન્ન થઈ હતી. આ પ્રસંગે લોકમાન્ય બાલગંગાધર તિલકનું સ્મરણ કરવામાં આવ્યું હતું.



### બાકરોલની સ્પેક બી.એડ્. કોલેજમાં શિક્ષક દિનની હર્ષોલ્લાસભેર ઉજવણી કરાઈ

**આણંદ |** તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બાકરોલ ખાતે ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનજીની જન્મજયંતિ નિમિત્તે શિક્ષક દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન સંસ્થાના ઇન્ચાર્જ પ્રિન્સીપાલ ડો. ભાવના ભાવસાર, આઇ.ક્યુ.એ.સી. કો-ઓર્ડીનેટર ડો. આરતી પટેલ અને સાંસ્કૃતિક સેલના કો-ઓર્ડીનેટર પ્રા. અનિતા મકવાણાના માર્ગદર્શન હેઠળ કરાયું હતું. ઉજવણી દરમિયાન ૨૩ જેટલાં પ્રશિક્ષણાર્થીઓએ એક દિવસ માટે શિક્ષકની ભૂમિકા નિભાવી હતી. આ કાર્યક્રમ બદલ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ, તમામ ટ્રસ્ટીઓ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.



### મોગરીની ફિઝિકલ એજ્યુકેશન કોલેજ ખાતે ઇન્ટર યુનિ. હોકી સ્પર્ધા માટે સિલેક્શન ટ્રાયલ યોજાયા



**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત વી. જે. પટેલ કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન, મોગરી ખાતે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી (ડેસર) દ્વારા આયોજિત ઓલ ઇન્ડિયા ઇન્ટર યુનિવર્સિટી હોકી (પુરુષ અને મહિલા) સ્પર્ધા માટે ટીમની પસંદગી અર્થે સિલેક્શન ટ્રાયલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યુનિવર્સિટી પ્રતિનિધિ તરીકે પ્રો. ડો. જદિપસિંહ ચૌહાણ તથા પ્રો. ડો. આકાંક્ષાબેન પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા. સિલેક્શન કમિટીના સભ્યો ડો. એલ. ડી. મીરી, કુ. પ્રેમિલા જેકોબ અને ડો. સુરેન્દ્રસિંહ રાઠોડે ખેલાડીઓની રમતગમત પ્રતિભા અને કૌશલ્યના આધારે પારદર્શક રીતે પસંદગી કરી હતી.

### વિદ્યાનગરના આઈ. બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલની વિદ્યાર્થીનીઓની રાજ્યકક્ષાએ પસંદગી થઇ

**આણંદ |** થામણા ખાતે યોજાયેલી એસજીએફઆઈ ચેસ સ્પર્ધામાં વલ્લભ વિદ્યાનગરની આઈ.બી.પટેલ ઈંગ્લિશ સ્કૂલની વિદ્યાર્થીનીઓ નવ્યા એમ. ઠક્કરે દ્વિતીય અને ત્વિષા ઠાકરે ચોથું સ્થાન મેળવી સમગ્ર આણંદ જિલ્લામાં સફળતા પ્રાપ્ત કરી છે. આ ઉત્કૃષ્ટ પ્રદર્શનના આધારે બંને વિદ્યાર્થીનીઓની રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી છે. આ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય ભાવેશભાઈ ભટ્ટે વિદ્યાર્થીનીઓની મહેનત તથા સમર્પણને બિરદાવીને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવ્યા હતા. આ સિદ્ધિ રમતગમત માર્ગદર્શક ચેતનભાઈ પ્રજાપતિ અને અજયભાઈ તળપદાના માર્ગદર્શન હેઠળ મેળવી હતી.



### મોગરીના જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના બે વિદ્યાર્થીઓની રાજ્ય કક્ષાની બેડમિન્ટન સ્પર્ધામાં પસંદગી

**આણંદ |** મોગરી ખાતે આવેલી જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના રજત રસેશભાઈ રબારી અને શ્રેયા પાર્થ વ્યાસે આણંદ જિલ્લા કક્ષાની અન્ડર-14 બેડમિન્ટન સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને જિલ્લા રમતગમત કચેરી આયોજિત આ સ્પર્ધામાં વિજયી બની બંને ખેલાડીઓએ શાળાનું નામ રોશન કર્યું છે. આ શ્રેષ્ઠ પ્રદર્શનના આધારે બંને ખેલાડીઓની રાજ્ય કક્ષાની બેડમિન્ટન ચેમ્પિયનશિપ રમવા માટે પસંદગી કરવામાં આવી છે. આ સિદ્ધિ બદલ સંસ્થાના અગ્રણીઓ અને શાળા પરિવારે બંને વિદ્યાર્થીઓને રાજ્ય કક્ષાની રમતમાં વિજયી બનવા માટે આશીર્વાદ અને શુભકામનાઓ પાઠવી છે.





### આણંદના ખેતીવાડી BAPS સ્વામિ. મંદિરમાં ત્રિ-દિવસીય ગીતા બાળ પારાયણની પૂર્ણાહુતિ



**આણંદ |** આણંદના ખેતીવાડી સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે ૧૦ થી ૧૨ સપ્ટેમ્બર દરમિયાન આયોજિત ‘શ્રીમદ્ ભગવદ્ ગીતા’ આધારિત ત્રિ-દિવસીય બાળ પારાયણની પૂર્ણાહુતિ થઈ હતી. આણંદના ૩૦ બાળ મંડળોના બાળકોને ૯ સ્થળોએ સાંકળીને સંયમ, નિત્ય અભ્યાસ અને મોબાઈલનું વ્યસન દૂર કરવાની પ્રેરણા આપી ગીતાનો સંદેશ દ્રઢ કરાવાયો હતો. પૂર્ણાહુતિના દિવસે વરસાદના વિઘ્ન વચ્ચે પણ બાળકો દ્વારા ભગવાનના આશ્રયની મહત્તા દર્શાવતા ‘ગજેન્દ્ર મોક્ષ’ આખ્યાન પર અદ્ભુત સ્કીટ રજૂ કરાઈ હતી. આ પ્રસંગે વરિષ્ઠ સંત પૂજ્ય ભગવદ્ચરણ સ્વામીએ પ્રાસંગિક વક્તવ્ય આપી પ્રસંગની મહત્તા સમજાવી હતી.

### આણંદના રોકડીયા હનુમાનજી મંદિરે ૬ નાના ગુંબજ પર સુવર્ણ ધ્વજદંડનું સ્થાપન



**આણંદ |** આણંદ સ્થિત શ્રી રોકડીયા હનુમાનજી મંદિર ખાતે મહંત પ.પૂ. સદ્ ભક્તવત્સલ દાસજીના આયોજન હેઠળ ગણપતીજીનું સ્થાપન કરવામાં આવ્યું હતું. બાદમાં મહંતના વરદ હસ્તે મંદિરના છ નાના ગુંબજ ઉપર શુદ્ધ સુવર્ણ વરખ ચડાવેલા તાંબાના ધ્વજદંડનું વિધિવત સ્થાપન કરાયું હતું. વહીવટકર્તા હરીકૃષ્ણ પટેલની ઉપસ્થિતિ સાથે આ પ્રસંગે બહોળી સંખ્યામાં શ્રદ્ધાળુ ભક્તો હાજર રહ્યા હતા. આ ધાર્મિક ઉત્સવની ઉજવણી બાદ તમામ ભક્તો માટે ભોજન પ્રસાદનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

### કપડવંજના હનુમાનપુરામાં ગણેશ ચતુર્થી નિમિત્તે ગણેશજીનું ભવ્ય આગમન અને સ્થાપન

**આણંદ |** કપડવંજમાં હનુમાનપુરા યુવક મંડળ ગ્રુપ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ ગણેશ ચતુર્થી નિમિત્તે ગણેશજીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ક્ષત્રિય સમાજના આગેવાન નિમેષસિંહ જામના ત્રિવેણી પાર્ક સોસાયટી સ્થિત નિવાસસ્થાનેથી ગણેશજીની પ્રતિમાનું આગમન યોજાયું હતું. હનુમાનપુરા યુવક મંડળ દ્વારા ગણેશજીની મૂર્તિની વિધિવત આરતી કરી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. સમગ્ર વાતાવરણમાં દાદાનું વાજતે-ગાજતે અને ભક્તિભાવપૂર્વક સ્થાપન કરવામાં આવ્યું હતું.



### ભાઈકાકા યુનિ. ખાતે વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસે માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમો યોજાયા

**આણંદ |** ભાઈકાકા યુનિવર્સિટી, કરમસદની પ્રમુખસ્વામી મેડિકલ કોલેજના મનોચિકિત્સા વિભાગ દ્વારા ચેન્જીંગ ધ નેરેટીવ ઓન સ્યુસાઈડ થીમ હેઠળ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આત્મહત્યા નિવારણ વિષય પર યોજાયેલી પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં ૧૮ સ્પર્ધકોએ ૧૯ પોસ્ટર રજૂ કર્યા હતા. મનોચિકિત્સા વિભાગના પ્રોફેસર ડો. જગદીશ વર્મા દ્વારા આણંદ કોમર્સ કોલેજ ખાતે “એનહેન્સીંગ સાયકોલોજીકલ વેલ-બીંઈંગ” વિષય પર માર્ગદર્શન સત્ર યોજાયું હતું. આ સત્રમાં આશરે ૭૦ જેટલા વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોએ ભાગ લઈ દૈનિક જીવનમાં માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારીનું મહત્વ સમજ્યું હતું.

